પ્રસાર ભારતી

નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-Dec-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજના મહાકુંભ મેળાનુ ઉદઘાટન અને પાંચ હજાર પાંચસો કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યુ
- ✓ બંધારણની 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે લોકસભામાં ચર્ચા શરૂ
- ✓ સભાપતી સામેના અવિશ્વાસ પ્રસ્તાવ મુદ્દે રાજ્યસભામાં હોબાળા બાદ કાર્યવાહી સ્થગિત
- ✓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ પંદર ડિસેમ્બરથી ભારતની મુલાકાતે
- ✓ રશિયા દ્વારા ઉર્જા કેન્દ્રો ઉપર મોટાપાયે હુમલા થયા હોવાનો યુક્રેનને આરોપ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM KUMBH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે મહાકુંભ 2025 એ એકતા અને સમાનતાનો એક મહાયજ્ઞ હશે. આ મહાકુંભની સમગ્ર વિશ્વમાં ચર્ચા થશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. પ્રયાગરાજના સંગમ વિસ્તારમાં મહાકુંભ-2025નું ઔપચારિક ઉદ્ઘાટન પ્રધાનમંત્રીએ જાહેર સભાને સંબોધતા આ પ્રમાણે જણાવ્યું હતું.

## બાઇટ- નરેન્દ્ર મોદી , પ્રધાનમંત્રી

મહાકુંભ મેળો આવતા વર્ષે 13મી જાન્યુઆરીથી શરૂ થશે અને 26મી ફેબ્રુઆરી સુધી ચાલશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લગભગ 5 હજાર 500 કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું હતું,

પ્રધાનમંત્રીએ આ પ્રસંગે મુખ્ય મંદિર કોરિડોરનું પણ ઉદ્ઘાટન કર્યું જેમાં ભારદ્વાજ આશ્રમ કોરિડોર, શ્રિંગવરપુર ધામ કોરિડોર, અક્ષયવત કોરિડોર, હનુમાન મંદિર કોરિડોર સહિત અન્યનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા, (નવીન)

# LS CONSTITUION

લોકસભામાં  આજે ભારતના બંધારણના 75 વર્ષની યાત્રા પર વિશેષ ચર્ચા થઇ હતી. ચર્ચાની શરૂઆત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ભારતીય બંધારણ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનના તમામ પાસાઓને સ્પર્શીને રાષ્ટ્ર નિર્માણનો માર્ગ મોકળો કરે છે. વિપક્ષ કોંગ્રેસ પર આડકતરો  પ્રહાર કરતાં, શ્રી સિંહે કહ્યું, છેલ્લા કેટલાક વર્ષોમાં બંધારણને એક ચોક્કસ પક્ષના યોગદાન તરીકે રજૂ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, બંધારણ એ કોઈ એક પક્ષનું યોગદાન નથી પરંતુ ભારતના મૂલ્યો સાથે જોડાયેલો અદ્વિતીય પરિવર્તનકારી દસ્તાવેજ છે.

## બાઇટ- રાજનાથસિંહ, સંરક્ષણ મંત્રી

ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, બંધારણ એ નાગરિકોને સુરક્ષિત રાખવા માટે સુરક્ષા કવચ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર અનામતની જોગવાઇને નબળી પાડવાનો પ્રયાસ કરી રહી છે.

## બાઇટ- પ્રિયંકા ગાંધી વાડ્રા

ચર્ચામાં ભાગ લેતા સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે કહ્યું કે, બંધારણ દેશના દલિત અને પીડિત લોકોનું સાચું રક્ષક છે. તૃણમૂલ કોંગ્રેસના કલ્યાણ બેનર્જીએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા 10 વર્ષોમાં દેશનું બિનસાંપ્રદાયિક માળખું જોખમમાં છે.

જનતા દળ યુનાઈટેડના સાંસદ અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ (લાલન)એ કહ્યું કે, બંધારણ સમાજના તમામ વર્ગો માટે સામાજિક અને આર્થિક પ્રગતિનો માર્ગ મોકળો કરે છે. ટીડીપી સાંસદ ડો. બાયરેડી શબરીએ પણ ચર્ચામાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા,(નવીન)

# LS-FISHERMEN IN PAKISTAN JAILS

કેન્દ્ર સરકાર દ્વારા સતત પ્રયાસોનાં પરિણામે વર્ષ 2014થી પાકિસ્તાનની જેલમાં બંધ બે હજાર 639 ભારતીય માછીમારોને મુક્ત કરવામાં આવ્યા છે. વિદેશ મંત્રી ડૉ. સુબ્રહ્મણ્યમ જયશંકરે આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ માહિતી આપી હતી. વર્ષ 2008માં ભારત-પાકિસ્તાન વચ્ચેના કરાર અનુસાર દર વર્ષે પહેલી જાન્યુઆરી અને પહેલી  જુલાઇએ બંને દેશો અન્ય લોકોની જેલોમાં બંધ નાગરિક કેદીઓ અને યાદીની આપ-લે કરે છે. આ વર્ષે  પહેલી જુલાઈએ પરસ્પર અપાયેલી યાદીઓ અનુસાર, પાકિસ્તાને દમણ અને દીવના 24 માછીમારો સહિત 211 ભારતીયોની કસ્ટડી સ્વીકારી છે. પાકિસ્તાનની જેલમાં બંધ આ 211 માછીમારોની મુક્તિનું પણ પાકિસ્તાનને કહેવાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા,(નવીન)

# RS ADJOURNED

અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવના મુદ્દે શાસક અને વિપક્ષના સભ્યો વચ્ચેના ઉગ્ર બોલાચાલી બાદ રાજ્યસભાને દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ દ્વારા આ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. શ્રી ધનખડે ગૃહને જાણ કરી હતી કે છેલ્લા ત્રીસ વર્ષમાં અધ્યક્ષ સામે અને તેમના કાર્યકાળ દરમિયાન કેટલી નોટિસો મળી તે અંગે ગૃહે વિચાર કરવો જોઈએ.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડયા, (નવીન)

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

# PARL- D GUKESH

લોકસભા અને રાજ્યસભાએ સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનેલા ડી ગુકેશને તેની નોંધપાત્ર સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. 18 વર્ષીય ગુકેશે ગઈકાલે ખૂબ જ સંઘર્ષપૂર્ણ મુકાબલામાં ચીનના ડીંગ લિરેનને હરાવીને વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતી હતી.

રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે કહ્યું કે ગુકેશની આ સિધ્ધિ વિરલ છે અને દરેક ભારતીયને ગર્વ અપાવનારી છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ડી ગુકેશને સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન બનવા બદલ શુભેચ્છા પાઠવી હતી. જણાવ્યું હતું કે તે દેશના યુવા ખેલાડીઓ માટે પ્રેરણાનો સ્ત્રોત બની રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા, (નવીન)

# ENCOUNTER

છત્તીસગઢના બીજાપુરમાં આજે સુરક્ષા દળોએ બે નક્સલીઓને ઠાર કર્યા હતાં. છત્તીસગઢના બીજાપુરના બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારના જંગલોમાં આજે સવારે નક્સલવાદીઓ અને પોલીસ વચ્ચે ગોળીબાર થયો હતો.

બીજાપુરના અધિક પોલીસ અધિક્ષક ચંદ્રકાંત ગવર્ણાએ, અથડામણ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, સુરક્ષા દળોએ બે નક્સલીઓને ઠાર કર્યા છે. પોલીસે બંને પુરુષ માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

હિન્દુસ્તાન સમાચાર, હર્ષલ પંડયા, (નવીન)

# MEA-SRI LANKA PREZ VISIT

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે 15મી ડિસેમ્બરે ભારતની મુલાકાતે આવશે. મીડિયાને માહિતી આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ શ્રી દિસનાયકેની આ પ્રથમ મુલાકાત હશે. તેમની ત્રણ દિવસીય મુલાકાત દરમિયાન શ્રી દિસનાયકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. શ્રી જયસ્વાલે ઉમેર્યું હતું કે તેઓ રાષ્ટ્રીય રાજધાનીમાં એક બિઝનેસ ઇવેન્ટમાં પણ હાજરી આપશે અને બોધ ગયાની મુલાકાત લેશે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે આ મુલાકાત બંને દેશો વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા, (નવીન)

National Evening News 13-12-2024 at 7.50-8.00pm-10

# MI- NEW COACH

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલ 2025 માટે નવા ફિલ્ડિંગ કોચ તરીકે કાર્લ હોપકિન્સનની નિમણૂંક કરી છે. હોપકિન્સને જેમ્સ પેમેન્ટનું સ્થાન લીધું છે, જેઓ સાત વર્ષ સુધી MIના ફિલ્ડિંગ કોચ હતા. હોપકિન્સને તાજેતરમાં ઈંગ્લેન્ડની ટીમ માટેના તેમના લાંબા સમયના ફિલ્ડિંગ કોચ તરીકેનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો, હોપકિન્સને 2019માં ઈંગ્લેન્ડને એક દિવસીય વિશ્વકપ અને નવેમ્બર 2022માં ઓસ્ટ્રેલિયામાં T20 વર્લ્ડ કપના વિજયમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. વર્ષ 2022માં આંતર રાષ્ટ્રીય અંડર 19 વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડની ટીમ માટે મુખ્ય ફિલ્ડિંગ કોચ પણ રહી ચૂક્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા,(નવીન)

# RUSSIA-UKRAINE

યુક્રેને આરોપ લગાવ્યો છે કે, રશિયાએ આજે સવારે યુક્રેનિયન ઊર્જા કેન્દ્ર પર મોટા પાયે મિસાઈલ હુમલો કર્યો હતો. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ આક્ષેપ કર્યો હતો કે રશિયન દળો યુક્રેનની વીજળી પ્રણાલીને નિશાન બનાવી રહ્યા છે, જેના કારણે લાખો નાગરિકો અંધારપટમાં રહેવા મજબૂર બન્યાં છે.

બીજી તરફ  રશિયા કહ્યુ છે કે, તેણે નાગરિક માળખાને લક્ષ્ય બનાવ્યુ નથી, પરંતુ તે ઉર્જા ક્ષેત્રને લશ્કરી લક્ષ્ય તરીકે મુલવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા,(નવીન)

# CENTRAL PROTECTION NOTICE

સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટીએ 17 કંપનીઓને નોટિસ ફટકારી છે. ગ્રાહક સુરક્ષા કાયદાના સીધા વેચાણ 2021ના નિયમોનું ઉલ્લંઘન કરતી આ કંપનીઓને નોટિસ ફટકારવામાં આવી છે. જે કંપનીઓને નોટિસ ફટકારાઇ છે તેમાંની 13 એકમોની હાલમાં તપાસ ચાલી રહી છે. ત્રણ કંપનીઓના જવાબની રાહ જોવાઇ રહી છે. ગ્રાહકના અધિકારોને જાળવવાના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ નોટિસ આપતા અગાઉ ઓથોરિટીએ આ ડાયરેક્ટ સેલિંગ કંપનીઓની વેબસાઈટ્સની કાળજીપૂર્વક તપાસ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પીઆઇબી – હર્ષલ પંડ્યા,(નવીન)

# REV. EARLY ALLU ARJUN ARRESTED

હૈદ્રાબાદમાં હાઇકોર્ટે આજે ફિલ્મ અભિનેતા અલ્લુ અર્જુનને નાસભાગને લગતા કેસમાં જામીન આપ્યાં છે. અભિનેતા દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ રદ અરજી કરવાની અરજી પર સુનાવણી કરીને તેને ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન મંજૂર કર્યા છે. હૈદ્રાબાદમાં પુષ્પા-2 ફિલ્મના પ્રિમીયર શોમાં અલ્લુ અર્જૂન હાજર રહેતા મોટી ભીડ ઉમટી પડી હતી જેમા એક મહિલાનું મોત થયું હતું..

આ કેસમાં હૈદ્રાબાદ પોલીસે આજે અલ્લુ અર્જૂનની ધરપકડ કરી હતી.. અલ્લુ અર્જૂન દ્વારા હાઇકોર્ટમાં ફરિયાદ રદ કરવાની અરજી કરવામાં આવી હતી..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ પંડ્યા, (નવીન)